# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-10-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAIN OVERALL

અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનના પગલે રાજ્યમાં ફરી એકવાર વરસાદી માહોલ જામતા આજે 81 તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો છે. સૌથી વધુ પોણા બે ઇંચ જેટલો વરસાદ ગીરસોમનાથના વેરાવળમાં પડ્યો છે. સુત્રાપાડા અને તાલાલા તેમજ જુનાગઢના માંગરોળ અને માળીયા હાટીનામાં પણ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : રાજેશ ભજગોતર)

સુરેન્દ્રનગર જિલ્લામાં ત્રીજા દિવસે પણ વરસાદી માહોલ યથાવત રહ્યો છે. માવઠાથી ખેડૂતોને ચિંતામાં મુકાયા છે. ભરૂચ જિલ્લાના વાગરામાં અને હાંસોટમાં પણ સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. છોટા ઉદેપુરમાં કમોસમી વરસાદ વરસતા ખેડૂતો ડાંગર કાપણી કરવાનું કામ બંધ કર્યું છે. ભાવનગર અને રાજકોટમાં પણ વરસાદી માહોલ જામ્યો. બીજી તરફ મોરબીના જોધપર પાસેનો મચ્છુ 2 ડેમ ઓવરફ્લો થતાં ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. જેથી 29 ગામને એલર્ટ કરાયા છે.

. .

# MINISTER VISIT

કમોસમી વરસાદના પગલે ઉભી થયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા રાજ્યના મંત્રીઓ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ રહ્યા છે. ત્યારે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ભાવનગરના શિહોર ખાતે અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠક બાદ તેમણે કાજાવદર ગામની મુલાકાત લઈને ખેડૂતો અને સ્થાનિકો સાથે ચર્ચા કરી હતી. રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ અમરેલી જિલ્લાના સાવરકુંડલાના જાબાળ , ધનશ્યામનગર ગામના ખેડૂતોના મગફળી , કપાસ સહિતના પાકોનું નિરીક્ષણ કર્યું. તેમણે જણાવ્યું, રાજ્ય સરકાર ખેડૂતોની પડખે રહી પૂરતી મદદ કરશે.

(બાઇટ : કૌશિક વેકરિયા – રાજ્યમંત્રી)

. . . . .

# E-CHALLAN

**રાજ્યમાં ટ્રાફિક ઇ-ચલણ દંડ ભરવાની પ્રક્રિયા હવે વધુ સરળ બની છે.** ગુજરાત પોલીસની ટ્રાફિક શાખા દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ભારતીય સ્ટેટ બેંક ( SBI) સાથે કરાયેલા સમજૂતી કરાર- MoU અંતર્ગત Bharat Bill Payment System -BBPS મારફતે વિવિધ ઓનલાઇન માધ્યમો દ્વારા દંડની રકમ ચૂકવવાની સુવિધા શરૂ કરવામાં આવી છે.

રાજ્યમાં વર્ષ ૨૦૨૩થી "One Nation One Challan" એપ્લિકેશનના માધ્યમથી વાહનચાલકોને દંડની રકમ ઓનલાઇન ચૂકવવાની સુવિધા ઉપલબ્ધ હતી, હવે આ સુવિધામાં વધારો કરીને BBPS પ્લેટફોર્મ એટલે કે, ગુગલ-પે, ફોન-પે, ભીમ-પે અને યોનો એપ્લિકેશન મારફત વાહન ચાલકો સીધે-સીધી દંડની રકમ ભરપાઇ કરી શકશે. ત્યારે વાહનચાલકોને ઓનલાઈન પેમેન્ટના વધુ વિકલ્પો પ્રાપ્ત થશે અને દંડની રકમ ભરપાઇની પ્રક્રિયા વધુ સુવિધાજનક બનશે.

. . . . . . . . .

# CLIMATE CHANGE AWARD

‘પ્લાસ્ટિક મુક્ત ગામ’ થકી આબોહવા પરિવર્તનની અનોખી પહેલ શરૂ કરનાર રાજ્યની ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓને સન્માનિત કરવામાં આવી છે. આ શાળાઓમાં ગાંધીનગરની પાલજ અને અહમદપુર તેમજ ખેડાની સિંહુજકુમાર પ્રાથમિક શાળાનો સમાવેશ કરાયો છે. જેમને રાજ્યકક્ષાના ‘ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ્સ’ એનાયત કરાયા છે. જેમાં પ્રથમ , દ્વિતીય અને તૃતીય વિજેતા આ શાળાઓને રાજ્ય સરકાર દ્વારા અનુક્રમે એક લાખ , 75 હજાર અને 50 હજારનું રોકડ ઇનામ આપવામાં આવ્યું છે.

. . . . . . . . .

# BHARUCH CHHATTH POOJAA

ભરૂચ અંકલેશ્વરમાં વસતા ઉત્તર ભારતીય સમાજના લોકોએ છઠ પૂજાની ઉજવણી કરી હતી. મહિલાઓએ જળાશયો પર પહોંચી આથમતા સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું. જયારે આવતીકાલે ઉગતા સૂર્યને અર્ધ્ય આપવામાં આવશે આ પછી વ્રતના પારણાં કરવામાં આવશે. ભરૂચમાં વરસાદી માહોલ વચ્ચે શ્રદ્ધાભેર છઠપુજાના પર્વની ઉજવણી કરવામાં આવી. છઠ પૂજા માટે તંત્ર દ્વારા વિશેષ તૈયારીઓ પણ કરવામાં આવી હતી.

. . . . . . . .

# MEHSANA MARKET YARD

મહેસાણાના ઊંઝા માર્કેટયાર્ડ ખાતે દિવાળી વેકેશન શરૂ થયું છે. વેપારીઓએ પૂજા કરી ખરીદ વેચાણનો પ્રારંભ કરાવ્યો. જેમાં જીરાના પાક ની 11 હજાર બોરીની આવક નોંધાઇ હતી. જીરાનો ભાવ 3600 થી 3650 રૂપિયાનો રહ્યો હતો. ઊંઝાના માર્કેટયાર્ડમાં વિવિધ શહેરોમાંથી ખેડૂતો પાકના વેચાણ માટે આવી રહ્યા છે.

. . . . . .

# AMRELI LION

ગીરના જંગલમાં વસતા અને દેશની શાન ગણાતા સિંહોની સુરક્ષા વધારવા વનવિભાગની ટીમ એલર્ટ મોડમાં આવી છે. અમરેલી જિલ્લામાં રાજુલા , જાફરાબાદ, પીપાવાવ દરિયા કાંઠાના ગ્રામ્ય વિસ્તારમાં પૂરની સ્થિતિ સર્જાતા વનવિભાગના વન સંરક્ષક રામ રતન નાલા દ્વારા સૂચના આપતા શેત્રુંજી ડિવિજન વનવિભાગના મદદનીશ વન સંરક્ષક વિરલ સિંહ ચાવડાના નેતૃત્વ હેઠળ ટીમો બનાવવામાં આવી છે. સિંહોના લોકેશન મેળવી પેટ્રોલિંગ શરૂ કરાયું છે. સિંહોના સ્કેનિંગની કામગીરી હાથ ધરી દરિયાકાંઠાના વિસ્તારમાં પેટ્રોલિંગ કરાઇ રહ્યું છે.

. . . . . . . .